# સમૃદ્ધિ જ જાણે કે જીવનનું ધ્યેય બની ગયું!

સમૃદ્ધિ, માલમિલકત, જમીન-જાગીર, ધન-દોલત
હીરા-માણેક, જર-ઝવેરાત, ગાડી-બંગલા, અને હવે
શૅર-સ્ટૉક-બૉન્ડ અને મૂડીરોકાણો.

એવું નથી કે આ બધું પહેલાં ન હતું. ત્યારે પણ હતું. નહીં તો શાસ્ત્રો પણ ચાર આધારસ્તંભોમાં એક 'અર્થ' મૂકત જ શું કામ? એટલે કે જીવનનિર્વાહ માટે એ ચારેય થાંભલાની જરૂર પડે. એનું સરખું મહત્ત્વ ગણાય. પણ ના, હવે એવું રહ્યું નથી. એ ચાર થાંભલા વચ્ચે અસંતુલન થયું છે અને એના પરિણામે આ જીવનરથ ડોલવા લાગ્યો છે! આપણે વાત એની જ કરવી છે.

માણસ રઘવાયો થયો છે. માણસ અ-ધરાયો થયો છે.
એને બધું જોઈએ છે. એને બધું અત્યારે જ જોઈએ છે.
એને આદર્શો, મૂલ્યો, ધર્મ કે વ્યવહારની ચિંતા નથી.
એને જોઈએ છે તો સુખ, સમૃદ્ધિ, આનંદ અને મજા.
સત્તા, સમૃદ્ધિ, પ્રતિષ્ઠા અને વાહ-વાહ હવે નવી જીવનશૈલી છે!
અને આ એક ગજબનું પરિવર્તન છે.

અને આ એક-બે માણસોની વાત નથી. સમગ્ર માનવસમુદાય આ હરીફાઈમાં છે. બધાને પૈસાદાર થવું છે. બધાને 'પ્રખ્યાત' થવું છે અને આ બધું ફટાફટ, રાતોરાત, ઓવરનાઇટ કરવું છે!

'કેટલું પૂરતું કહેવાય' એ સમીકરણ હવે પ્રશ્નાર્થ બની ગયું છે અને જ્યારે બહુમતી એ દિશામાં હોય ત્યારે એ જ 'સાચું' લાગે છે અને કોઈ એને પડકારતું નથી. પડકારનાર ત્યારે મૂરખ જ ગણાય! કારણ કે

ભલે, સંસાર અસાર કહેવાતો હોય,
પૈસા કોને ગમતા નથી?
પૈસા કોને વહાલા નથી?
શું છે આ પૈસા? શું છે આ ધનદોલત?
પૈસા હોય, સમૃદ્ધિ હોય તો સગવડો મળે.

સત્તા, પ્રતિષ્ઠા હોય તો, અહમ્‌ને પુષ્ટિ મળે.
પૈસા અને સમૃદ્ધિ, સત્તા અને પ્રતિષ્ઠા
આ બધાંથી સુખ ના મળે
કારણ કે જે સુખી છે, એ તો આ બધામાં માનતો જ નથી.
અને જેઓ સુખની શોધમાં, આ બધામાં પડ્યા છે, તેઓ પણ હજી સુખી થયા નથી ને?
કારણ કે
જો સુખી થયા હોય તો દોડવાનું બંધ ના કરે?
તમે, કહેશો, 'હું નિવૃત્ત થયો. મેં હજારો-લાખોની નોકરી કે પછી હજારો-લાખોનો ધંધો વેચી દીધો, બંધ કર્યો, કે પછી સંતાનોને સોંપી દીધો.'
સાચી વાત છે. તમે એમ કર્યું પણ છે. પણ હવે પછી શું?

શું તમે દોડવાનું બંધ કર્યું?
શું તમે સુખી થયા?
શું તમે સંતુષ્ટ થયા?
શું તમે સરળ અને પ્રામાણિક રહ્યા?

ના ને? બસ, તો પછી દોડવાનું ચાલુ રાખો. તમે દોડવાનું બંધ નથી કર્યું. તમે એ તમારી દોડવાની દિશા બદલી છે. પહેલાં દુકાને, કામધંધે, નોકરીએ જતા હતા, હવે દેશ-પરદેશની મુસાફરીએ અને સમાજોની પદ-પ્રતિષ્ઠા અને વાહવાહ તરફ વળ્યા છો. થોડાક સમૃદ્ધ માણસો વળી માનસરોવર સુધીની જાત્રાઓ સુધી જાય છે! સુખની શોધમાં?

ધર્મ સમજ્યા વગર મોક્ષની શોધ કેવી રીતે થાય?

કરિયાણાની દુકાને જાઉં તો મને ખબર તો હોવી જોઈએ ને કે હું ત્યાં શું કામ ગયો છું?

અધર્મ છોડતો નથી અને ધાર્મિક કહેવડાવવા ફાંફાં મારું છું!
કેવું કહેવાય? કેટલું મોટું પરિવર્તન છે આ?

સમૃદ્ધિ વધી છે તો સાથે સાથે લોભ, લાલચ અને અ-ધરાવો પણ વધ્યાં છે અને જ્યાં લોભ અને લાલચ હોય ત્યાં, આદર્શો અને મૂલ્યોમાં છૂટછાટ લેવાય જ લેવાય!

જે ચાલી રહ્યું છે, વૈશ્વિક કક્ષાએ, ચારેય બાજુ એ બધું આશ્ચર્યજનક છે. ના સમજાય એવું છે. બુદ્ધિ બહેર મારી જાય એવું છે!

જો તમારી ઉંમર ૭૦-૮૦ વર્ષ હોય તો તમે કદાચ તમારા દાદાને પણ જોયા હશે. તમે તમારા બાપાને તો ઘણાં વર્ષો ખૂબ નજદીકથી જોયા હશે અને તમારા એ સિત્તેર વર્ષ. હવે આગળ જુઓ. તમારી સમક્ષ તમારાં સંતાનો અને એમનાં સંતાનો છે. એટલે કે તમે કુલ ચારથી પાંચ પેઢી જોઈ શકવા સમર્થ છો.

કેટલું બધું બદલાયું?

તમારા દાદા અને પછી બાપા કેવું જીવતા હતા?

ત્યાર બાદ તમે કેટલા ફેરફારો કર્યા?

અને તમારા ગ્રાન્ડ ચિલ્ડ્રને તમારા બાપા કે તમારા દાદાની સરખામણીમાં તમારાં જ એ સંતાનો કેટલાં જુદાં છે? જાણે કે એ તમારા દાદાનું લોહી જ ના હોય!

પરિવર્તન જીવનનો એક મહત્ત્વનો હિસ્સો છે.

પરિવર્તન રોકી શકાય નહીં. આ સાચું છે.

પણ આપણે એની વાત કરતા નથી.

આપણે વાત કરીએ છીએ 'માણસ અ-ધરાયો' થયો છે એની! માણસ શિક્ષિત થયો છે.

માણસ સમૃદ્ધ થયો છે.

માણસ અશાંત થયો છે.

માણસ અધરાયો થયો છે.

ધર્મ અને મોક્ષ ગૌણ બન્યાં છે કે પછી

અર્થ અને કામને બળ આપવા ઉપયોગમાં લેવાય છે.

બાકી અર્થ અને કામનો જ આ યુગ ચાલી રહેલો છે.

દંભ, ઢોંગ, પાખંડ, બનાવટ અને છેતરપિંડીનો આ જમાનો છે.

અને એટલે

સમૃદ્ધ અને શિક્ષિત માણસ અશાંત અને અસંતુષ્ટ છે.

સમૃદ્ધ અને શિક્ષિત માણસ પણ સુખી નથી જ!

હજી વધારે દારૂની દુકાનો અને

વધારે મોટાં મંદિરોની જરૂર પડશે.
એ અ-ધરાયા અને અશાંત માણસને સંતાવાની ચોકીઓ જોઈશે.
પરિવર્તન જોરમાં છે.
પરિવર્તન ચારેય દિશામાં છે.
પરિવર્તન દરેક ક્ષેત્રમાં છે.

ગામડામાં રહેતો એક સામાન્ય માણસ. એનો દીકરો ભણવામાં હોશિયાર નીકળ્યો. તકલીફ વેઠીને પણ સારું ભણ્યો. પરદેશ જવાની તક પણ મળી. ગયો પણ ખરો. એ ભૌતિક સમૃદ્ધિની હરીફાઈમાં જોડાઈ ગયો. ગામડે મા-બાપ ગરીબીમાં જીવતાં હતાં. દીકરાએ એમને 'સુખ' મળે એટલે એમને પણ એ પરદેશની સંસ્કૃતિમાં નાખ્યાં. ઇરાદો શુદ્ધ હતો. પરિણામો અશુદ્ધ નીકળ્યાં.

સમૃદ્ધિની દોડમાં દીકરો બદલાયો.
સંજોગોના કારણે માબાપ બદલાયાં.
ગામડાગામનાં એ ભલાં-ભોળાં માનવો
સમૃદ્ધિની આડમાં સુખી થવાને બદલે અ-માનવો બન્યાં!
એમના જેવાં જ, અભડાયેલાં, બીજા માનવોની ભીડમાં
એ ક્યાંક ખોવાઈ ગયાં! તેઓ સમૃદ્ધ થયાં. તેઓ સુખી ના થયાં!
શું છે આ સમૃદ્ધિ?
અને કેટલું પૂરતું કહેવાય?
અને આ નક્કી કેવી રીતે થાય?
પતિ, હજારોપતિ, લાખોપતિ, કરોડપતિ, અબજોપતિ અને પછી... પતી!
આપણને બધાને આ બધી ખબર છે.

આપણને એ પણ ખબર છે કે 'કશું સાથે જતું નથી' અને છતાં આ વધારે મેળવવાની, વધારે ભેગું કરવાની લાલસા ઓછી કેમ થતી નથી?

મેળવવું અઘરું નથી.
જરૂરી નથી માટે 'ના' કહેવું એ અઘરું છે.
'ખોટું છે એટલું લેવું નથી' એમ કહેવું એ પણ અઘરું છું.
ક્યાંથી આવી આ 'અ-ધૂરપ' મારામાં?
ક્યાંથી આવી આ ખોટું કરવાની મારી તત્પરતા?

આ અજંપો, આ ઓછપ, આ અ-ધૂરપ?
બધાને બધું મળતું નથી.
બધાને બધું મળે એ શક્ય જ નથી.
માણસ સળંગ હવાતિયાં મારે છે બધું મેળવવા,
પરંતુ એ શક્ય નથી અને એ 'બિચારો' સુખી હોવાના ભ્રમમાં
જીવ્યે રાખે છે.
સુખ જોઈ શકાય નહીં.
સુખ બતાવી શકાય નહીં.
સુખ એ લાગણી છે.
એ અનુભવી શકાય. એ મેળવી શકાય નહીં.
સુખ બજારમાં ક્યાંય મળતું નથી.

શાસ્ત્રો કહે છે 'બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે એમાં સુખ મૂક્યું જ નથી. મનોચિકિત્સાશાસ્ત્ર કહે છે, 'લાઇફ ઇઝ ડિફિકલ્ટ.' તો પછી શેની શોધમા છે આ માણસ?

સુખ બહાર છે જ નહીં.
સુખ સમૃદ્ધિમાં નથી.
સુખ સંબંધોમાં નથી.
સુખ સત્તા-પ્રતિષ્ઠામાં નથી.
કારણ કે એ બધું બહારનું કામચલાઉ છે. ઇચ્છાઓના અનેક પ્રકાર છે.
મન એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર કૂદકા મારે છે.
લંચ પત્યું નથી, ડિનરમાં શું બનાવવું એ વિચાર શરૂ થઈ જાય છે.
પ્રવૃત્તિઓનું ઢાંકણ નહીં, પરંતુ
ઇચ્છાઓનું ઢાંકણ બંધ કરવાની જરૂર છે.

સંસાર છોડ્યો તો ઈશ્વર મેળવવાની, મોક્ષ મેળવવાની ઇચ્છા વળગી. સુખ કેવી રીતે મળે?

માણસને 'બે મોઢે બોલવાનો' અને
'ડબલ ઢોલકી વગાડવાનો' રોગ લાગુ પડ્યો છે!
એ સરળ નથી. એ પ્રામાણિક નથી.

એ ધાર્મિક નથી. એ આધ્યાત્મિક નથી.
બધું જ બદલાઈ રહ્યું છે.
સમૃદ્ધિનું મહત્ત્વ અને વર્ચસ્વ બંને વધી રહ્યાં છે.
સામાજિક માળખું જ એવું ગોઠવાય છે કે એણે દોડવું જ પડે!
એ માણસ દરરોજ નવાં બંધનોમાં ફસાયા કરે છે.
એ વલખાં મારે છે. એ ફાંફાં મારે છે.
એ થાકે છે. એ હારે છે, પરંતુ એ છોડતો નથી.
સુખ મેળવવું હોય તો દોડવાનું બંધ કરવું પડે.
સુખી થવું હોય તો, હરીફાઈમાંથી નીકળી જવું પડે.
દિશાવિહીન થવું પડે.
કારણ કે કશું જ ના કરવું એ સૌથી અઘરું કામ છે.
બેસવું પડે. નિરાંતે બેસવું પડે.
જાત સાથે વાત કરવી પડે.
જગતને બહુ ઓળખ્યું. હવે ‘સ્વ’ને ઓળખવા બેસવું પડે.
અઘરું છે. નિરાંતે બેસવાનું અઘરું છે.
જાતને ઓળખવાનું અત્યંત અઘરું છે.
સંતો-મહેતો પણ આ કરી શક્યા નથી.
એટલે તેઓ પણ ‘કશુંક મેળવવાની’ હરીફાઈમાં છે.
ના મળે.
આ સુખ બધાને ના મળે.
કોઈક નસીબદારને, કોઈક વિરલાને જ આ મળે.
કારણ કે મારે પણ મારી એક ચોક્કસ ‘મથાવટી’ છે!
આટલો બધો વૈજ્ઞાનિક વિકાસ
આટલી બધી ભૌતિક સમૃદ્ધ
અને છતાં
આટલી બધી અશાંતિ અને અરાજકતા!
સુખ ક્યારે મળે? સુખ કોને મળે?
સુખ કેવી રીતે મળે?
અઘરું છે.

લોભ અને લાલચમાંથી બચવાનું અઘરું છે.
અભિમાન અને અહંકારમાંથી બચવાનું અઘરું છે.
જીભ તો કહે છે, 'તેરા તુજકો અર્પણ' પણ
મન કશુંયે છોડવા તૈયાર નથી!
જ્યાં સુધી છૂટતું નથી ત્યાં સુધી 'સુખ' નથી.
સુખ મેળવવામાં નથી, સુખ આપવામાં, છોડવામાં છે.
મારો અ-ધરાવો અને અધૂરપ
મારાથી છોડી શકાતું નથી! મારાથી છૂટતું નથી.
વળગણોનો તોટો નથી!
માણસ સગવડને સુખ માની બેઠો છે.
સગવડને સમૃદ્ધિ સાથે સંબંધ છે.
એ સમૃદ્ધિ વધાર્યા કરે છે, એ આશાએ કે 'સુખી' થવાશે!

આજુબાજુના એ સમૃદ્ધ લોકો અને સમૃદ્ધ પ્રદેશોને જોઈ એ એવું માનવા પ્રેરાય છે કે
સમૃદ્ધિ સુખ લાવે છે!
શું આ સાચું છે?
સગવડો એ પણ વળગણ છે.
દા. ત. દવાઓ.
રોગનિષ્ણાતો અને મોંઘી દવાઓ,
આયુષ્ય લાંબું કરે, શરીરને સ્વસ્થ રાખે;
દવાઓથી સુખ ન મળે!
જો હવાતિયાં જ મારવાનાં હોય, વલખાં મારવાના હોય
લાચાર અને બિચારા બની રહેવાનું હોય
અસંતુષ્ટ અને અ-ધરાયા બની રહેવાનું હોય
તો, લાંબું જીવવાનો શું અર્થ?
સુખી થવું છે, અને
સમૃદ્ધ પણ થવું છે.
આ બે સાથે શક્ય નથી.
સમૃદ્ધ થવા એ નવા નવા નુસખા ઊભા કરે છે.

સમૃદ્ધ થવા હવે એ કશું પણ કરવા તૈયાર છે.
એ હવે સંબંધોમાં બાંધછોડ કરે છે.
જેઓ એના નફામાં ભાગીદાર થતા નથી, હોતા નથી
એમની સાથે એ છેડો ફાડવા તૈયાર છે.
એના સંબંધો પણ 'ગણતરીપૂર્વક'ના છે!
સેવા, દાન, ધર્મ
મૂલ્યો, આદર્શો, નૈતિકતા
આ શબ્દોની હવે નવી પરિભાષાઓ શોધાય છે.
એના લાભ માટે, એના ફાયદા માટે કે પછી
એની અનૈતિકતાને, જૂઠાણાને, અપરાધની લગાણી (ગિલ્ટ)ને
છુપાવવા, એમાંથી છટકવા એ ધર્મ-સેવા-દાનનો ઉપયોગ કરે છે.
એને સમૃદ્ધ થવું છે.
કોઈ પણ ભોગે, કોઈના પણ ભોગે એને સમૃદ્ધ થવું છે!
માણસ વ્યસ્ત રહે છે. સતત વ્યસ્ત રહે છે.
કામ ન હોય તો કામ શોધી કાઢે છે.
અથડાય છે. ભટકાય છે. ભચકાય છે. કુટાય છે, પરંતુ
એ ન કરવાનું બંધ કરતો નથી.
વ્યસ્ત રહેવું, સતત જાતને રોકાયેલી રાખવી એ પણ
એક છટકબારી છે. મારી જાતથી ભાગવાની પ્રવૃત્તિ છે.
માણસ સતત રખડ્યા કરે છે. ભટક્યા કરે છે.
અને પછી ફરિયાદ કરે છે, 'ટાઇમ જ મળતો નથી.'
કેટલું મોટું જૂઠાણું!
માણસને એ બધું કોઠે પડી ગયું છે.
સુખ અને સંતોષ એનાથી યોજનો દૂર છે.
'આશા અમર છે' અને
'સંતોષી નર સદા સુખી' આ સૂત્રો એણે એના ભ્રમ માટે જ બનાવ્યાં છે.
બસ, એની જાતને મનાવ્યા કરે છે.
એક દુકાન, બે-ત્રણ-ચાર દુકાન.
એક હોટેલ, બે હોટેલ, દસ-બાર હોટેલ

એક મિલિયન, બે મિલિયન, ઘણા મિલિયન
આ સમાજ, તે સમાજ, પેલો સમાજ
આ દેશ, તે દેશ, ઘણા દેશ...
અને બસ, એ અ-ધરાયો એ રઘવાયો માણસ
સમૃદ્ધિની હરીફાઈમાં રમ્યા જ કરે છે.
એ અટકવાનું નામ લેતો નથી, કારણ કે
'હજી એ સુખી થયો નથી!'
પૈસાદાર બધાને થવું છે અને
સુખી પણ બધાને થવું છે.
મહેનત પણ થઈ શકે એ પ્રમાણે દરેક જણ કરે છે,
પરંતુ
દરેક માણસ પૈસાદાર થઈ શકતો નથી.
અને સુખ તો, ભાગ્યે જ કોઈના ભાગ્યમાં હોય!
હા, ભાગ્ય શબ્દનો અહીં ઉલ્લેખ થવો ઘટે.
કારણ કે આ સમૃદ્ધ થવાની હરીફાઈમાં
પુરુષાર્થની સાથે સાથે પ્રારબ્ધ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.
કર્મનો સિદ્ધાંત.
પુરુષાર્થ અને પ્રારબ્ધ.
પાપ અને પુણ્ય
સત્કર્મ અને દુષ્કર્મ.
શરીર, સંબંધ, સમૃદ્ધિ અને સમય (ઉંમર)
આ મને મળેલી ચારેય બાબતોમાં ભાગ્યની વાત આવે જ છે,
કારણ કે મળવું કે ના મળવું એ બને એ પહેલાં
મારી પુરુષાર્થની દિશા પણ કોઈક પૂર્વસંસ્કારથી જ પ્રેરિત હોય છે.
નહીં તો વધારે મેળવવાની લાલચમાં
સમૃદ્ધ માણસ પણ એની નૈતિકતા સાથે સોદા શું કામ કરે?
કદાચ મારાથી ખોટું થાય છે એ, કે પછી
મારાથી સારું નથી થઈ શકતું એ મારાં જ કર્મોનું પરિણામ છે!
આ માનવું પડે એવું છે,

કારણ કે હું જે કંઈ કરું છું એની પાછળ કોઈક કારણ તો હશેને!
અને મહત્ત્વની વાત તો એ છે કે હું જે કંઈ કરું છું એની
મને તો ખબર હોય જ ને!
અને છતાં એ થાય છે!
સારું કે ખરાબ
નફો કે નુકસાન
પાપ કે પુણ્ય
સત્કર્મ કે કુકર્મ એ બધું તો
અંગત માન્યતાની બાબત છે, પરંતુ
જે બની રહ્યું છે તે આનંદદાયક તો નથી જ!
ક્યાંથી આવી આ ભૂખ?
ક્યાંથી આવ્યો આ અધરાવો?
'હજી વધારે' મેળવવાની અને ભેગું કરવાની લાલચ!
'મની ઇઝ પાવર' અને હું દોડું છું!
જીવન પણ અજબ-ગજબની રમત છે.
મારી સામે ક્યારે, કેવી પરિસ્થિતિઓ ઊભી થશે એ સાવ અજાણ છે.
સુખ મળવાનું હોત તો ક્યારનુંયે મળી ગયું હોત!
અમદાવાદમાં હું સુખી જ હતો ને?
પૈસા કદાચ વધારે-ઓછા હતા, પરંતુ હું સંતુષ્ટ હતો.
અને હવે?
હાય-વલૂરા અને ભૂખડાવેડા!
આ કોઈની યોજના કે કાવતરું નથી.
આ મારા જ પૂર્વજન્મોનાં કર્મોનું પરિણામ છે.
જેમને ઠોકાવાનું છે એમને ઠોકાવાનું જ છે.
જેમને અથડાવાનું, કુટાવાનું છે... નક્કી જ છે.
મને એમ લાગે કે હું સુખી થયો એ પણ નક્કી છે.
એ સાચું હોય કે ના હોય, મારે એમ કહેવું જ પડે!
બનાવટ, જુઠ્ઠાણું, પરિગ્રહ એ બધું મારી જ કુંડળી છે!
વેલ, હું જે કંઈ કરી રહ્યો છું

મારી સાથે જે કંઈ બની રહ્યું છે
મારી સમક્ષ જે કંઈ રજૂ થાય છે એ બધું
મારા નિયંત્રણમાં નથી.
મને એમ ચોક્કસ લાગે કે 'એ હું કરી રહ્યો છું' પરંતુ
એ હું કરતો નથી, મારા દ્વારા થઈ રહ્યું છે.
બાકી જીવવા માટે પૂરતું હોવા છતાં
હજી અટકવાનું મન ના થાય કે પછી
બે મિલિયનના મકાનમાં રહીને પણ સરકારી કરિયાણું લેવા લાયક બની
જાઉં એ આશ્ચર્યજનક નથી લાગતું?
પણ ના. નવાઈ ના પામતા. મારે એ કરવું જ પડે.
સમૃદ્ધિનું વર્ચસ્વ ચારે બાજુ છવાઈ ગયું છે.
આધ્યાત્મિકતા અને નૈતિકતા ક્યાંક ખોવાઈ ગયાં છે
જો હું ફરીથી એક વાર એક સરળ અને સંતુષ્ટ માણસ બની શકું,
બે-ચાર માણસોને પણ સાચો પ્રેમ કરી શકું,
મને સહાયરૂપ સૌનો આભાર માની શકું તો
હું નસીબદાર! બાકી 'સમય' વગરનું એ પરિબળ મને જોતજોતાંમાં એ
સળગતી આગમાં ધકેલી દેશે!
સાચું છે ને? સમજાયું કંઈ? શું સમજાયું?

●

# 'પ્રેશર-કુકરની સિસોટી'

થોડાક મિત્રો ભેગા થઈને ટોળટપ્પાં કરતા હતા. એક સજ્જને એક સવાલ પૂછ્યો. એ હમણાં જ ગુજરાતની મુલાકાતે જઈ આવ્યા. અત્યારે દેશની મુલાકાતનો તબક્કો ચાલુ છે. ગુજરાતના એમના અનુભવો પ્રમાણેનો એ પ્રશ્ન હતો. કદાચ તમારામાંથી કોઈને પણ રસપ્રદ લાગે.

પ્રશ્ન હતોઃ 'ગુજરાતમાં ધાર્મિક સ્થળોનું મહત્ત્વ ખૂબ જ વધી ગયું હોય એવું દેખાયું. ગામડું હોય કે શહેર, નાની દેરી હોય કે મોટું મંદિર, સવાર હોય કે સાંજ, જુવાન હોય કે નિવૃત્ત, ગરીબ હોય કે પૈસાદાર, કોઈ પણ જગ્યાએ બસ લોકોનાં ટોળાં જ દેખાય! એટલી ભીડ કે ન પૂછો વાત!'

એમણે એમ પણ કહ્યું કે એમના છ અઠવાડિયાંની મુલાકાત દરમિયાન એમણે એમ પણ જોયું કે હવે ત્યાંના ભારતીયો, અવારનવાર વારંવાર (છાશવારે!), કોઈ પણ બહાના હેઠળ, જાતજાતની ધાર્મિક ઉજવણીઓનું આયોજન કરે છે. એ ઉજવણીઓ અત્યંત આધુનિક અને પદ્ધતિસરની હોય છે. દા. ત. કોઈ કથાકારની કથા. આ કથા એક નક્કી મોટા ભાડૂતી સ્થળે, એક અઠવાડિયું, ડિનર-ચા-પાણી સાથે થાય. પસંદગીના શ્રોતાઓને કંકોતરી લખી બોલાવાય.

એ સજ્જન આઠ વર્ષ પછી ગુજરાતની મુલાકાતે ગયા હતા. એમને આઠ વર્ષ દરમિયાન થયેલો આ ફેરફાર ખૂબ જ વિસ્મયજનક લાગ્યો. ચાલો, એ પ્રશ્નની વિગતે ચર્ચા કરીએ.

એ સજ્જનનું અવલોકન અને અનુભવ ખૂબ જ વાસ્તવિક અને સાહજિક છે અને આ વૈશ્વિક ફેરફાર છે. પરદેશમાં પણ ઠેર ઠેર મંદિરોનું નિર્માણ થાય છે અને એ સમાચારો બહુ વાજતેગાજતે, સોશિયલ મીડિયા દ્વારા, ઢોલ-નગારાં સાથે પ્રસારાય છે. એક ગુજરાતી તરીકે, એક માનનાર-બિલીવર તરીકે મને ખૂબ જ અભિમાન અને ગૌરવ થાય છે.

અમેરિકામાં પણ આમ જ ચાલી રહ્યું છે. અનેક સમાજો છે. અનેક મંડળો છે. અનેક ગુજરાતીઓ છે. આપણે એક નથી. આપણામાં અનેક વાડા છે. અનેક માન્યતાઓ છે. એટલે પરદેશમાં, એ ધાર્મિક સ્થળના કારણે આપણે 'એક'

થઈ ગયા, સુગ્રથિત-યુનાઇટેડ થયા એમ માનવાની જરૂર નથી. પરંતુ એ જુદો મુદ્દો છે. એની ચર્ચા અહીં અસ્થાને છે. આપણે મૂળ વાતને વળગી રહીએ.

ગુજરાતમાં અને અમેરિકામાં (કે બીજા કોઈ દેશમાં) અત્યારે મંદિરોની સંખ્યા વધી રહી છે અને એ મંદિરોમાં ભક્તોની મુલાકાતો પણ વધી રહી છે. શું આપણે વધારે ધાર્મિક બની રહ્યા છીએ?

આ પ્રશ્નનો સીધો અને સરળ જવાબ નથી. હા, પણ એમ જરૂર કહી શકાય કે મંદિરોની-દેરીઓની સંખ્યા વધવાથી અને એ સ્થળોએ મુલાકાતીઓની સંખ્યા વધવાથી માણસ વધારે ધાર્મિક થયો છે એમ ધડાક દઈને કહી ના દેવાય.

આપણે કશું પણ કારણ વગર કરતા નથી. એટલે જ્યારે આ બધી પ્રવૃત્તિઓ ખૂબ જ મોટા પ્રમાણમાં અને ખૂબ જ કાળજીપૂર્વક, નિષ્ઠાપૂર્વક થતી હોય તો એની પાછળ ઘનિષ્ઠ કારણો પણ હોવાં જોઈએ.

અમેરિકામાં જુદી જુદી માન્યતાઓનાં ધાર્મિક સ્થળો બંધાય છે અને નિભાવાય છે. હું નિયમિત, કોઈ છૂટછાટ વગર એ પ્રવૃત્તિઓમાં ભાગ પણ લઉં છું, પરંતુ એનું એકમાત્ર કારણ, એકમાત્ર ચોખવટ, એકમાત્ર સમજૂતી એ ન હોઈ શકે કે હું 'ધાર્મિક' થયો છું!

મારી વધતી જતી ધાર્મિક પ્રવૃત્તિઓ અને એ પ્રવૃત્તિઓ સાથેનું મારું તીવ્ર લાગણીઓ સાથેનું નિષ્ઠાપૂર્વકનું જોડાણ અને સંધાણ બહુ નિરાંતે સમજવું પડે એવું છે. હું વધારે ને વધારે, એ દિશામાં સક્રિય રીતે રસ લેતો કેમ થઈ રહ્યો છું? આ એક બહુ મોટો ફેરફાર છે અને આ ફેરફાર બસ, એમ જ, રાતોરાત કોઈ કારણ વગર થયો નથી. સમજવું પડે એવું છે.

અવકાશમાં સૅટેલાઇટ જઈને બેસી ગયો. દુનિયા નાની થઈ ગઈ. દુનિયા એક બાજુ આશ્ચર્ય અને જિજ્ઞાસાનો, તો બીજી બાજુ ચિંતા અને તનાવનો વિષય બની ગઈ. હાલનો સમાજ એકબીજા પર આધારિત છે. હાલની દુનિયા એકબીજાથી પ્રભાવિત છે. માણસ અનેક દબાણો હેઠળ જીવી રહ્યો છે. પૂરતું છે અને પૂરતું નથી. એ બે વચ્ચે એનું મન સતત ઝોલાં ખાય છે. 'ક્યાં અટકવું' એ એનાથી નક્કી થઈ શકતું નથી.

બધું જ, બધે જ બદલાઈ રહ્યું છે. ગુજરાત અને ન્યુ જર્સીના જીવનમાં ખાસ તફાવતો નથી, જ્યારે આ પરિવર્તનની વાત કરીએ ત્યારે! બધા ત્યાં પણ દોડે

છે, બધા અહીં પણ દોડે છે! સંતાવાની, છટકબારીની જગ્યા જોઈએ જ જોઈએ! અને ત્યારે ધર્મ અને ધાર્મિક પ્રવૃત્તિઓ જેવું ઉત્તમ બીજું શું હોઈ શકે?

અમદાવાદ હોય કે શિકાગો, પહેલી પેઢી હોય કે બીજી-ત્રીજી પેઢી, એક પણ વ્યક્તિ આ અદ્ભુત પરિવર્તનમાંથી બાકાત નથી. મારાં સંતાનો જે રીતે એમનાં સંતાનોને ઉછેરે છે, એ જોઉં છું ત્યારે મને આશ્ચર્ય થાય છે. આખો દિવસ ચાલતી જાતજાતની પ્રવૃત્તિઓ, પ્રાઇમરી શાળામાં હોય ત્યારથી સારી કૉલેજના ઍડમિશનની બધી રીતે તૈયારી, અને એ ચકરાવામાં માબાપ અને સંતાનો બંને દોડ્યા કરે છે.

ગુજરાત પણ પાછળ નથી. ત્રીજા ધોરણથી શાળામાં ઍડમિશન માટે સ્પર્ધા અને બે-ચાર લાખનું દાન, અને ત્યાર પછી દરરોજ બે-ચાર શિક્ષકોનું ખાનગી ટ્યુશન! એ નવાં માબાપને કેટલું દોડવું પડે? ગુજરાતમાં હવે બધી જ પરદેશી કાર-મોટરગાડીના શો-રૂમ્સ થઈ ગયા છે! બે બી.કે. ત્રણ બી.કે.ના ફ્લૅટ્સ માટે કરોડોમાં ચૂકવવા પડે છે! આ બધા માટે કેટલું કમાવું પડે? માબાપ અને સંતાનો, બંને સતત સ્ટ્રેસમાં જીવે છે.

એ સંજોગોમાં નિવૃત્ત માતાપિતાનું સ્થાન કેવી રીતે નક્કી કરવું? એમના માટે એમની સ્વતંત્રતા અને સ્વમાન સાચવવું પણ એટલું જ અઘરું! દરરોજ નવાં નવાં 'ઘરડાં-ઘર' ખૂલે છે.

અમેરિકાનું ચિત્ર પણ કંઈ બહુ હરખાવા જેવું નથી. અહીં પણ પહેલી પેઢી, બીજી પેઢી અને ત્રીજી પેઢી ત્રણેય એકીસાથે ઝઝૂમે છે. અહીંનું સામાજિક માળખું પણ ઓછા દબાણવાળું નથી. વધારે કમાવાની તકો છે તો સાથે સાથે વધારે ભેગું કરવાની લાલસા પણ છે. વધુ ને વધુ મળવાની, મેળવવાની શક્યતાઓ છે તો વધારે ને વધારે ક્યાંથી મળે એની લાલચ પણ છે. દરેક પેઢી સતત દબાણમાં, ટેન્શનમાં જીવે છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિ ભારતની સંસ્કૃતિ કરતાં સાવ અલગ છે. એ બે સંસ્કૃતિઓ વચ્ચે સમાધાન અને સમાયોજન એ પણ એક મોટો પડકાર છે. સરળ અને સંતુષ્ટ બનીને રહેવું છે પણ રહી શકાતું નથી. લોભ અને લાલચ એટલાં બધાં છે કે નીતિ અને પ્રામાણિકતા સાચવી શકાતાં નથી. આ પણ એક સતત દબાણમાં, અશાંતિમાં રહેવું પડે એવી સ્થિતિ છે. એ અસંતોષનો, એ જુદ્દાણાનો અને

એ પરિગ્રહનો પણ ભાર રહે જ છે. કોઈક છટકબારી તો જોઈએ જ જોઈએ!

અહીં ઊછરતા બાળકો સ્પર્ધાત્મક અને પક્ષપાતવાળા વાતાવરણમાં ઊછરે છે. એમની ઇચ્છાઓ અને માતાપિતાનાં શમણાં સતત દબાણ જન્માવે છે. ભારતીય રીતરસમ પ્રમાણે એમને સંસ્કારી કેવી રીતે બનાવવાં એ દરરોજની ઉપાધિ છે. મંદિરની પ્રવૃત્તિઓ એમનામાં ભારતીય સંસ્કાર ટકાવી શકે એવી માન્યતાના કારણે પણ ધાર્મિક સ્થળો અને ધાર્મિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ વધી રહ્યું છે. બાળકોને સંસ્કારી બનાવવાની જવાબદારી માબાપે જાણી જોઈને એ મંદિર અને એ ધાર્મિક પ્રવૃત્તિ પર નાખી છે. આ વાસ્તવિક નથી અને આ તંદુરસ્ત પણ નથી.

તાણમાં જીવતાં બાળકો અસામાજિક પ્રવૃત્તિઓ, ડ્રગ્ઝ અને આલ્કોહોલ જેવાં વ્યસનોમાં ઢસડાય છે. એ બાળકોમાં સ્વની ઓળખ-આઇડેન્ટિટી ક્રાઇસીસ એક મોટી સમસ્યા છે. ‘બાવાનાં બેઉ બગડ્યાં’ એવા અમારા હાલ છે. અંદરના એ સંઘર્ષને, અંદરની એ અશાંતિને છાવરવા ધાર્મિક પ્રવૃત્તિઓ મારી મદદે આવે છે. માત્ર છટકબારી છે. આ માત્ર સોદા છે. આમાં ક્યાંય ધાર્મિકતા છે જ નહીં!

લોભ-લાલચ-અ-ધરાવો. દ્વેષ, ઈર્ષ્યા અને તિરસ્કાર. મફત મેળવવાની અને ભેગું કરવાની અઢળક ઇચ્છાઓ. સતત સરખામણી, ‘આપડાવારા’ અને ‘આપડાવારા નહીં’. સતત ઓછપનો અનુભવ. ભારતીય સંસ્કારો સાચવી રાખવાની ઘેલછા અને અમેરિકન લાભો મેળવવાની ઉત્સુકતા. સરળતા શક્ય જ નથી. અશાંતિ, ગૂંચવણો, કમ્પ્લેક્સિટી સાવ સ્વાભાવિક છે અને ત્યારે ધાર્મિક હોવાનો દેખાવ મારી જાતને સંતાડવા, છાવરવા એક અદ્ભુત આવરણ છે. મંદિરો જોઈએ અને સાથે ધાર્મિક પ્રવૃત્તિઓ પણ જોઈએ. નવા પંથો અને નવા ગુરુઓનો દરરોજ વધારો થયા જ કરે છે. એ વેપારી મહારાજ અને એ અશાંત-અધરાયો ભક્ત બંને સંપીને કામ કરે છે. મારી એ ધાર્મિક પ્રવૃત્તિ મને કામચલાઉ રાહત આપે છે અને બસ, આમ જ એ પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલ્યા કરે છે.

આ આખી વાતને એક ઉદાહરણ દ્વારા સમજીએ. સમગ્ર પ્રશ્ન અને પરિસ્થિતિને સમજવાનું કદાચ સહેલું બનશે.

• • •

દરેક ઘરમાં એક પ્રેશર-કુકર તો હોય જ છે. એ પ્રેશર-કુકરનું કામ દબાણ

હેઠળ કામ કરવાનું છે. એ દબાણ ગૅસની ગરમી દ્વારા ગરમ થતાં એ વરાળ દ્વારા થાય છે. ગૅસની ગરમી જરૂર પ્રમાણે લો-મીડિયમ-હાઈ કરી શકાય અને સાથે સાથે એક નક્કી થયેલી રીત પ્રમાણે એ કુકરની વરાળને નિયંત્રિત પણ કરી શકાય અને એ માટે એક વ્હીસલ-સિસોટીનો ઉપયોગ કરાય છે. નીચે ગરમી, ઉપર રિલીઝ વાલ્વ્સ અને વચ્ચે કુકર.

મારી દશા એ કુકર જેવી છે. મારી ચારેય બાજુ, જાતજાતના ગૅસની ગરમી છે. એ ગરમી મને દઝાડે છે. એ ગરમીનું નિયંત્રણ વધારે કે ઓછું-લો-મીડિયમ-હાઈ મારા હાથમાં નથી. એ ગરમી એ દબાણો, એ ટેન્શન, એ પ્રેશર, એ તનાવ દરરોજ બસ, વધ્યા જ કરે છે. મારે એનો સામનો કર્યા સિવાય છૂટકો નથી. મારે એમાં ખેંચાવું જ પડે. મારે ગરમ થવું જ પડે. શું કરવું મારે આ સંજોગમાં?

નીચેથી હાઈ ગરમી આવ્યા કરે. કુકર ગરમ થયા કરે. બે જ ઉપાય છેઃ

૧. કાં તો એ ગરમી ઓછી કરવી પડે, કાં તો.

૨. એ વરાળ રિલીઝ કરવા સીટી મૂકવી પડે.

મારી બાબતમાં એ ગૅસની ગરમી વધારે, ઓછી કરવાનું મારા હાથમાં નથી. હું મારી આજુબાજુના સંજોગોને બદલવા કશું કરી શકું એમ નથી. એટલું કે દરરોજ, મારા દૈનિક જીવનમાં, મારી ઇચ્છા વિરુદ્ધ એ બધા સંજોગની ગરમી, મારા પર દબાણ-પ્રેશર વધ્યા કરે છે!

એક જ ઉપાય બાકી રહ્યો. મારે એ કુકરને તૂટી જતું બચાવવા વ્હીસલનો ઉપયોગ કરવો પડે. એમ ના કરું તો, એ કુકર તૂટી જાય. હું માનસિક બીમારીઓનો ભોગ બનું. બીમારીનો ભોગ બનવાને બદલે હું છટકબારીઓનો ઉપયોગ કરું છું, મારા જીવનનાં એ પ્રેશર, તનાવ, તાણ, ચિંતા, હતાશા, અભરખા એ બધાં ગરમીનાં કારણોનો સામનો કરવા માટે છટકબારીઓ વ્હીસલનું કામ કરે છે.

મારી મદદે આવે છે ચા, કૉફી, સિગારેટ, ગાંજો, અફીણ, દારૂ, જુગાર, જાતીય પ્રવૃત્તિઓ વગેરે. મારી અંદરની વરાળ રિલીઝ કરવા અગત્યનું ભૌતિક સમૃદ્ધિનું માળખું એ ગૅસની હાઈ ફ્લેમ છે અને એ દરરોજ વધ્યા જ કરે છે. મારે એમાં ફરજિયાતપણે ખેંચાવું પડે છે. દા.ત. બાળકોની ઇચ્છાઓ, બાળકોની વધતી જતી જરૂરિયાતો. મારે દોડવું જ પડે. મારે વધારે કમાવું જ પડે. ભાર

વધે. દબાણ વધે. ચિંતા વધે. કુકર ગરમ થયા જ કરે. 'ગાંડું થઈ જવાય' એટલું ગરમ થઈ જાય. વ્હીસલની ત્યારે જરૂર પડે.

આ વાત જરાક નિરાંતે સમજવી પડે એવી છે, કારણ કે આપણને આપણી માન્યતાઓ છે. આપણાં દૃષ્ટિબિંદુઓ, આપણાં મૂલ્યાંકનો, આપણા માપદંડ છે. આપણે જગતને મારા એ માપદંડથી જ સારું કે ખરાબ નક્કી કરીએ છીએ. સાચું છે ને? વિચારજો.

વ્યસનો પ્રત્યે આપણે ભ્રમરો ઊંચી કરીને જોઈએ છીએ.

વ્યસનીને આપણે નીચલી કક્ષાએ મૂકીએ છીએ.

વ્યસની ટીકા અને સામાજિક અવગણનાનો ભોગ બને છે.

એ દારૂડિયો છે.

એ અફીણી છે.

એ વ્યભિચારી છે... વગેરે.

આ વ્યસનો નકારાત્મક છે. આવકાર્ય નથી. ટીકાપાત્ર છે. છુપાવવાને યોગ્ય છે. રૂઢિચુસ્ત માણસો આ વ્યસનો પ્રત્યે આંગળી ચીંધે છે.

પણ મારે વ્હીસલ તો જોઈએ જ જોઈએ. નહીં તો મારું એ કુકર તૂટે. એટલે હવે આવે છે ખૂબ મહત્ત્વની વાત, હું એ બધાં સામાજિક રીતે અસ્વીકાર્ય રિલીઝર્સ, વ્હીસલ્સ, સિસોટીઓ પસંદ કરવાને બદલે એવી વ્હીસલ પસંદ કરું છું કે જે

૧. મારી એ વરાળ, મારું પ્રેશર રિલીઝ કરે છે અને વધારામાં

૨. મને આવકાર, આબરૂ, સન્માન આપે છે.

અને એ વ્હીસલ છે ધર્મ અને ધાર્મિક પ્રવૃત્તિની વ્હીસલ. હું એનો મારું પ્રેશર ઘટાડવા છટકબારી તરીકે ઉપયોગ કરું છું અને છતાં હું 'ધાર્મિક' અને 'આસ્તિક' આવકાર્ય, સન્માનનીય સજ્જન ગણાઉં છું.

બીજાં બધાં વ્યસનો, બીજી બધી સિસોટીઓ નકારાત્મક, ટીકાપાત્ર અને ખર્ચાળ છે, જ્યારે સરખામણીમાં આ પસંદગી માત્ર ને માત્ર ફાયદો જ કરાવે છે. આ સાત્ત્વિક પસંદગી છે.

હવે સમજાયુંને નાનામાં નાની દેરી કે મોટામાં મોટું મંદિર, સવાર-બપોર-સાંજ

કેમ લોકોનાં ટોળાંથી ઊભરાયેલાં રહે છે?

એ ભૂલ રખે ના કરતા કે માણસ વધારે ધાર્મિક થયો છે. સાચું તો એ છે કે માણસ વધારે ને વધારે 'પ્રેશર'માં છે.'

ધર્મ અને ધાર્મિક પ્રવૃત્તિઓ એક સાત્ત્વિક પસંદગી, ફાયદાકારક પસંદગી હોવાના કારણે એ દરેક ઉંમરની વ્યક્તિને, દરેક જાતિની વ્યક્તિને આકર્ષે છે. મંદિર એ હવે માત્ર ઘરડાં માટેની જગ્યા નથી. યુવાન વર્ગની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. ધર્મગુરુઓ માટે, એમનો વ્યાપ વધારવા માટે આ સારી નિશાની છે.

જેમ ધાર્મિક સ્થળોની સંખ્યા વધી છે, એમ જ ધાર્મિક પ્રવૃત્તિઓની સંખ્યા પણ વધી છે.

બધા તહેવારો, ઉત્સવો ખૂબ ઉત્સાહથી, ધામધૂમથી ઊજવાય છે. ખૂબ દેખાડો કરાય છે. ખૂબ ખર્ચ કરાય છે.

દા. ત. નવરાત્રિ, દા. ત. નવચંડી. દા. ત. સત્યનારાયણની કથા. દા.ત. ગણેશ ચતુર્થી. કંકોતરીઓ છપાવવી, મહેમાનોની આગતા-સ્વાગતા, મોંઘાં જમણવાર, ભેટસોગાદ, જાણકાર કથાકારો અને ભજનિકો. બારેય માસ, ક્યાંક ને ક્યાંક, કંઈક ને કંઈક, બસ ચાલ્યા જ કરે છે. યજ્ઞ-વહન, ભજન-કીર્તન, હનુમાનચાલીસા, ગીતાપાઠ, રામાયણ સપ્તાહ જેવી પ્રવૃત્તિઓ ખૂબ આર્થિક રીતે પ્રભાવિત કરી શકાય એ રીતે રજૂ કરાય છે.

કથાકારો, ભજનિકો, ડાયરાવાળાઓ, સંગીતવાળાઓ, સંતો, મહંતોના ભાવ ઊંચા થયા જ કરે છે અને એ ભજનસંધ્યા, ગરબા અને ડાયરાઓમાં ચલણી નાણાંના થોકડા પણ છૂટથી ઉછાળાય છે. આમાં ક્યાંય કોઈ સાત્ત્વિક ભાવ હોતો નથી. હોય છે માત્ર એ અંદર છુપાયેલાં પ્રેસર્સ, દુઃખો-વેદનાઓની અપરોક્ષ અભિવ્યક્તિ. કારણ કે આ તો માત્ર 'વ્હીસલ' છે. એનું કામ રાંધવાનું નથી. એનું કામ માત્ર વરાળ, વધારાની વરાળ રિલીઝ કરવાનું છે.

નિરાંતે સમજવું પડે એવું છે આ.

જરાક થોભો. વિચારો. આટલાં વર્ષોમાં ક્યારેય આટલી બધી ધાર્મિક પ્રવૃત્તિઓ જોઈ હતી?

સવારે 'વૉટસ-ઍપ' ખોલું છું અને ઢગલો શુભેચ્છાઓ.... 'હૅપી મન્ડે'થી શરૂ કરી, અનેક ભજનો, અનેક ડાયરાઓ, અનેક આશ્ચર્યો! કેવી આશ્ચર્યની વાત છે જાણે કે આ પહેલાં ક્યારેય એ 'સોમવાર' આવ્યો જ ન હતો! કે પછી એ 'ખાસ અગિયારસ'ના આશીર્વાદ મને આટલાં વર્ષોમાં પહેલી જ વાર મળ્યા!

છાશવારે ધાર્મિક પ્રસંગો ઊજવાય છે.

શાળાએ જતાં ટબૂરિયાં પણ સવારે નિશાળના દરવાજે અડતાં પહેલાં, એ નાનકડી દેરીમાં બેઠેલાં માતાજીને પ્રણામ કરીને જાય છે. આરતીના સમયે આખું અંતઃદ્વાર કૉલેજનાં યુવક-યુવતીઓથી ઊભરાય છે. રવિવારના સત્સંગમાં એ વડીલો, દીવાલ પાસે મૂકેલી ખુરશીઓમાં બેસી ઉત્તરાખંડની ચૂંટણીનાં પરિણામોની ચર્ચા કરે છે! એમ થાય કે ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પ્રવૃત્તિઓ માણસને બહુ ઝડપથી પ્રગતિની ટોચ પર કે પછી ભગવાનની સાવ નજીક પહોંચાડી દેશે! છેતરાવા જેવું નથી. ભરમાવા જેવું નથી.

કુકર-પ્રેશરમાં વરાળ-વરાળોનું દબાણ વધી રહ્યું છે. એ પ્રેશર્સને રિલીઝ કરવા, સાથે સાથે સારા દેખાવા-ધાર્મિક દેખાવા આ બધું કરવું જ પડે, આર.ડી. ભાઈ!

એક ગજબનું પરિવર્તન છે આ!
બધું જ, બહુ ઝડપથી બદલાઈ રહ્યું છે.

એ કુદરતના ખોળે જીવતું ગામડું અને ગામડાનો ભોળો, ભાવુક માણસ આ, અનેક દબાણોના ભાર નીચે દબાયેલા એ અધૂરા અને અ-ધરાયા જીવોની ભીડમાં ક્યાંક ખોવાઈ ગયો છે!

મારી આજુબાજુનું બધું, બહુ સ્વાભાવિક રીતે મારા પર દબાણો ઊભો કરે છે અને મારે, જાણ્યે-અજાણ્યે પણ, ફરજિયાતપણે એ છટકબારીઓ (સિસોટીઓ-વ્હીસલ્સ)નો ઉપયોગ કરવો પડે છે!

આ ધાર્મિક પ્રવૃત્તિઓ, વ્રતો, ઉપવાસો, પધરામણીઓ, ઉજવણીઓ. અહીં આ સંદર્ભમાં માત્ર અને માત્ર વરાળ રિલીઝ કરવાનું, પ્રેશર ઓછું કરવાનું, કુકરને ફાટી જતાં બચાવવાનું જ કામ કરે છે. રસોઈ રાંધવાનું કામ કુકરનું છે, એ સિસોટીનું નથી. બસ, એમ જ, મારી એ ધાર્મિક પ્રવૃત્તિઓ પણ મારાં દબાણોમાંથી કામચલાઉ રાહત આપવાનું જ કામ કરે છે. એ ધાર્મિક પ્રવૃત્તિઓને

ધર્મ સાથે, ઈશ્વર સાથે, મોક્ષ-નિર્વાણ સાથે કોઈ સંબંધ નથી! મારા વ્યવહારો સાથે પણ સંબંધ નથી!

અને મારી ચારેય બાજુ એમ જ ચાલી રહ્યું છે.

ગ્લોબલાઇઝેશન. ઑટોમેશન. ઇન્ટરડિપેન્ડન્સ.

ભયજનક છે. ચિંતાજનક છે. લોહીના દબાણના આંકડા સતત ઊંચા-નીચા થયા કરે છે. દબાણો વધ્યા જ કરે છે.

વ્યસનો વધશે. હજી વધારે વધશે.

માનસિક બીમારીઓ વધશે.

ધાર્મિક પ્રવૃત્તિઓ, દર્શનો અને શોભાયાત્રાઓ વધશે.

આ નકારાત્મકતા (નેગેટિવિટી) નથી. આ વાસ્તવિકતા છે. 'પૉઝિટિવ થિન્કિંગ' એ પણ છટકબારી જ છે! એ પણ એક પ્રકારની સિસોટી જ છે!

લોભ-લાલચ અને અ-ધરાવો.

સ્પર્ધા, સરખામણી.

દ્વેષ, ઈર્ષ્યા, તિરસ્કાર.

મફતનું લેવાનું, ભેગું કરવાનું વલણ

અજંપો, અસંતોષ, અશાંતિ.

આ બધાં 'દબાણો' છે.

ગરમ વરાળ સતત ભેગી થયા કરે છે!

મારે એ વરાળને 'રિલીઝ' કરવા સિસોટી જોઈએ જ, જોઈએ.

દારૂ, જુગાર, વ્યભિચાર એ બધાં ટીકાપાત્ર, નુકસાનકારક, ખર્ચાળ સિસોટીઓ છે.

અને એટલે જ

સામાજિક રીતે સ્વીકાર્ય, આવકાર્ય

અને અભિનંદનીય

એવી એ ધર્મ અને ધાર્મિક પ્રવૃત્તિઓ મારા માટે

ખૂબ જ ગમતી 'સિસોટી' છે.

ઊઠતાં, બેસતાં, સૂતાં જાગતાં, સવાર-બપોર-સાંજ

મારે એ સૂત્રો ઉચ્ચારવાં જ પડે.

કુકર ગરમ થયા કરે છે, સિસોટીઓ વરળ છોડ્યા કરે છે.
કુકરમાં મૂકેલી એ વાનગી ક્યારે તૈયાર થશે
એ જ ખબર નથી!
આ જનમમાં થાય એવું તો લાગતું જ નથી!

મારી આ ધાર્મિક પ્રવૃત્તિઓની સિસોટીને મારા ધર્મ સાથે, મારી ધાર્મિકતા સાથે કે મારા મોક્ષ-નિર્વાણ સાથે કોઈ સંબંધ છે જ નહીં અને છતાં એ બધું મારા દૈનિક જીવનનું એક મહત્ત્વનું અંગ બની ગયું છે. ખૂબ ઝડપે વધી રહેલાં મારાં એ બધાં દબાણ- એ પ્રેશર્સ, એ તાણ અને તનાવ, ચારેય બાજુથી મને વીંટળાયેલાં એ ચિંતાજનક પરિબળોથી છુટકારો મેળવવા, મારા માટે, એ ધાર્મિક પ્રવૃત્તિઓ અદ્‌ભુત સિસોટીનું કામ કરે છે!

હવે ખબર પડી ને કે એ દેવદેવીઓનાં નવાં નવાં સ્થાનકો અને એ બધી ધાર્મિક પ્રવૃત્તિઓની જરૂર કેમ પડે છે?

કોઈ પણ ધાર્મિક/સામાજિક સમારંભમાં એ અધૂરા, અ-ધરાયા, અતૃપ્ત માણસોનાં ટોળાં કેમ ઊભરાય છે?

હજી વધારે ને વધારે 'સિસોટીઓની' જરૂર પડશે!
માણસને ઓછપ અને અધૂરપનો હડકવા લાગ્યો છે.
એ અતૃપ્ત માણસ સમૃદ્ધિમાં સુખ શોધે છે.

એ અજ્ઞાની, અબુધ માણસ, આત્માની અવગણના કરીને એ આરસની મૂર્તિમાં ભગવાન શોધે છે. એ એનાથી જ ભાગી રહ્યો છે - હી ઇઝ રનિંગ અવે ફ્રૉમ હીમસેલ્ફ!

● ● ●